Indian Institute of Teacher Education
(A State Public University established by Government of Gujarat)

# ટીચર એજ્યુકેશનના માન્યતા પ્રાપ્ત કોર્સ માટેની જાહેર વિજ્ઞપ્તિ

ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગાંધીનગર એ રાજ્ય સરકાર દ્વારા સ્થપાયેલી સ્ટેટ યુનિવર્સિટી છે જેનું કાર્યક્ષેત્ર સમગ્ર ગુજરાત છે અને યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા માન્યતા પ્રાપ્ત કોર્સ અને સંસ્થાઓની અધિકૃત યાદી યુનિવર્સિટીની વેબસાઇટ www.iite.ac.in પર મુકેલ છે. ગુજરાત રાજ્યમાં ટીચર એજ્યુકેશનના રેગ્યુલર કોર્સ બી.એડ./એમ.એડ. ચલાવવા માટે નેશનલ કાઉન્સિલ ફોર ટીચર એજ્યુકેશનની વેસ્ટર્ન રીજનલ કાઉન્સિલ, નવી દિલ્હી(NCTE-WRC)ની માન્યતા લેવી અનિવાર્ય છે. ગુજરાતની સ્ટેટ પબ્લિક યુનિવર્સિટીઓ NCTE-WRC દ્વારા માન્યતા પ્રાપ્ત સંસ્થાઓને તેમના કાર્યક્ષેત્રમાં ટીચર એજ્યુકેશનના કોર્સ ચલાવવા માટે એફીલીયેશન આપે છે તથા સેન્ટ્રલ, ઓપન, ડીમ્ડ અને પ્રાઇવેટ યુનિવર્સિટીઓએ એન.સી.ટી.ઈ.-ડબલ્યુ.આર.સી.ની માન્યતા અનિવાર્યરૂપે મેળવીને કોર્સ ચલાવે છે. જે-તે યુનિવર્સિટીની એફીલીયેટેડ, સંલગ્ન કે સંચાલિત કોલેજ, સેન્ટર કે ડીપાર્ટમેન્ટની માન્યતા અને ઇન્ટેક સહીતની તમામ વિગતો માટે જે-તે યુનિવર્સિટીની અધિકૃત વેબસાઇટ અને એન.સી.ટી. ઈ.ની વેબસાઇટ www.ncte.gov.in માં ડબલ્યુ.આર.સી.-વિભાગનો ઉપયોગ કરી તમામ જાણકારી મેળવવી. આથી તમામને ભારપૂર્વક જણાવવાનું કે ઓફ-કેમ્પસ/સ્ટડી સેન્ટર કે અન્ય કોઈપણ માધ્યમથી ચલાવવામાં આવતા ટીચર એજ્યુકેશનના કોઈ પણ કોર્સ માટે NCTE-WRC ની માન્યતા નહિ મેળવેલ હોય તો તે તમામ કોર્સ માન્ય ગણાતા નથી જેની તકેદારી લેવી અને આવા કોઈપણ ઓનલાઇન/ઓફ-કેમ્પસ/સ્ટડી સેન્ટર કે અન્ય કોઈપણ માધ્યમથી ચાલતા આવા કોર્સમાં પ્રવેશ મેળવવો નહિ. યુ.જી.સી.ના તા. 23/08/2013ની માર્ગદર્શિકા અને શિક્ષણ વિભાગની તા. 22/08/2018ની બેઠકની કાર્યવાહીને અનુસંધાને જાહેર વિજ્ઞપ્તિ આપવામાં આવે છે.

**શ્રી વિમલ શાહ**
નોડલ અધિકારીશ્રી